श्री પંચોલી સેવા સમાજ મહામંડળ
સંચાલિત

તમસો માં જ્યોતિર્ગમય

રજી. નં.: A/1822 ભરૂચ

# પંચોલી નવયુગ




જુલાઈ-ઓગષ્ટ-૨૦૨૩ વર્ષ ૫૭ સળંગ અંક નં. ૪૯૮
માસિક કિંમત-રૂા. ૧૦/- વાર્ષિક લવાજમ : રૂા. ૧૦૦/-

તંત્રી : દિનેશકુમાર મોહનલાલ મિસ્ત્રી
સહતંત્રી : મલયકુમાર દિનેશકુમાર મિસ્ત્રી
Pancholi navyug Email : pancholinavyug@gmail.com
Email : infospssmm@gmail.com
Web site : www. pancholisamaj.org

## શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ તથા તેની સંલગ્ન સંસ્થાઓને મળેલ

# માતબર દાન





**સ્વ. મંજુલાબેન બિપીનચંદ્ર મિસ્ત્રી** **સ્વ. બિપીનચંદ્ર નગીનદાસ મિસ્ત્રી**

**સ્વ. શ્રી બિપીનચંદ્ર નગીનદાસ મિસ્ત્રી** તથા **સ્વ. મંજુલાબેન બિપીનચંદ્ર મિસ્ત્રી**ના સ્મરણાર્થે
બીલીમોરા નિવાસી **શ્રી દક્ષેશ બિપીનચંદ્ર મિસ્ત્રી** પરિવાર તરફથી
શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળને રૂા. ૫૧,૧૧૧/- વિધવા સહાય માટે
તબીબી સેવા સંકુલને રૂા. ૫૧,૧૧૧/- મેડિકલ સહાય માટે તથા
સ્વ. છગનલાલ ત્રિભોવનદાસ મિસ્ત્રી સ્મારકનિધિને રૂા. ૫૧,૧૧૧/- એજ્યુકેશન સહાય
માટે વ્યાજ વપરાશ ફંડ તરીકે મળ્યા છે.
શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળને મળેલ આ માતબર દાન બદલ
શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ દાતાશ્રીઓનો આભાર માને છે..

### અર્પણકર્તા

**દક્ષેશ બિપીનચંદ્ર મિસ્ત્રી** **પૌલોમી દક્ષેશ મિસ્ત્રી**
**પારૂલ બિપીનચંદ્ર મિસ્ત્રી** **પ્રિતી તેજશ દેસાઇ**
**શ્રેયા દક્ષેશ મિસ્ત્રી**

### અમો અભારી છીએ....

**ઇ.ચા. પ્રમુખ શ્રી કમલેશભાઇ પંચોલી** **આઇ.પી.પી. હેમંતકુમાર મિસ્ત્રી**
**મહામંત્રી જયેશભાઇ પંચોલી**
**તથા સંલગ્ન સંસ્થાના હોદ્દેદારો અને કારોબારી સભ્યો..**

# તેજસ્વી તારલાઓ...

## SSC

## CBSC


ક્રિશ પ્રજ્ઞેશકુમાર
પંચોલી-શિનોર
SSC-PR 97.93


સૃષ્ટિ વિરેન્દ્રભાઇ પંચોલી
-કવાંટ(સ્કૂલમાં પ્રથમ)
SSC-PR 96.94


નિષ્ઠા જેસલભાઇ
મિસ્ત્રી-અંકલેશ્વર
SSC-PR 94.41


કર્ણવ જીજ્ઞેશભાઇ
મિસ્ત્રી-સુરત
SSC-PR 91.91


પાર્થ જીજ્ઞેશભાઇ
મહેતા-મુંબઇ
SSC - 93 %


કસક રાકેશભાઇ
મિસ્ત્રી-મુંબઇ
SSC - 90.80 %


ત્વિષા જ્ઞાનશરણ
પંચોલી-રાજપીપલા
SSC - 86.26 %


ચેશા સુધીરભાઇ
પંચોલી
SSC - PR-77.48





આર્યન શિરીશભાઇ
પંચોલી-સેલવાસ
SSC - 85.5 %


યશીષ ધર્મેશભાઇ
મિસ્ત્રી-મુંબઇ
SSC - 79 %



## HSC-Science


હર્ષિલ હિમેનકુમાર
પંચોલી-સુરત
90.97 %


મિતાંશી અનિલકુમાર પંચોલી
સંખેડા-ડભોઇ કેન્દ્રમાં દ્વિતીય
PR 95.68


હેતસ્વી અજયકુમાર
પંચોલી-લુણાવાડા
PR 77.32


વૃત્તી શીતલભાઇ
મિસ્ત્રી-નવસારી
PR 73.21


સ્વધા મિતેશકુમાર
પંચોલી-અમદાવાદ
86%

# HSC-General



પ્રથમ જીજ્ઞેશકુમાર
પંચોલી-રાજપીપલા
PR-99.81





કૃપાલી જયેશભાઇ પંચોલી-
સંખેડા કેન્દ્રમાં ત્રીજા ક્રમે
PR-93.42

# GRADUETE



દિશા જીજ્ઞેશકુમાર
પંચોલી-રાજપીપલા
BSc. Microbiology



રિદ્ધિ ગોપાલદાસ
પંચોલી-તેજગઢ
MSc. B.Ed.



રોહન રાકેશકુમાર
મિસ્ત્રી-મુંબઇ
BSc.-IT



દિયા સમીરકુમાર
પંચોલી-નવસારી
B.Sc. Biotechnology



વિવેક દેવેન્દ્રકુમાર
કાપડિયા-સુરત
B.Tech(Computer)



અર્થ મિતેશકુમાર
જરીવાલા-સુરત
M.Tech(ME)



આયુષ મિતેશકુમાર
જરીવાલા-સુરત
B.Tech-IT

## તેજસ્વી તારલાઓને ખૂબ ખૂબ અભિનંદન....

શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ સંચાલિત

# પંચોલી નવયુગ

## જુલાઈ-ઓગસ્ટ-૨૦૨૩

તમસો માં જ્યોતિર્ગમય

**-: પ્રકાશન સ્થળ :-**

ડી-૩૦૨, શુભમ રેસીડન્સી, મેઘા ઓટોમોબાઇલ્સ સામે,
તાલુકા સેવા સદન પાસે, જી.આઇ.ડી.સી., અંકલેશ્વર-૨

| | |
|---|---|
| પ્રકાશન સામયિકતા | : માસિક |
| પ્રકાશક તંત્રી નામ | : શ્રી દિનેશભાઇ એમ. મિસ્ત્રી |
| મુદ્રકનું નામ | :શ્રી દિનેશભાઇ એમ. મિસ્ત્રી |
| મુદ્રકનું સરનામું | : અક્ષર પ્રિન્ટર્સ, ૨-૩, અજીત એસ્ટેટ, સ્કવેર પોઇન્ટ પાછળ, ડો. બેંક રોડ, જી.આઇ.ડી.સી., અંકલેશ્વર-૨ |
| માલિકી ધરાવનાર | : શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ બી-૨૫, બીજનગર, અંકલેશ્વર |

હુ દિનેશભાઇ એમ. મિસ્ત્રી આથી જાહેર કરું છું કે ઉપર જણાવેલ માહિતી મારી જાણ મુજબ સાચી છે.

દિનેશભાઇ એમ. મિસ્ત્રી

## પંચોલી નવયુગ જાહેરાતના દર

| | |
|---|---|
| મલ્ટીકલર પેજ (ગ્લેઝ પેપર) | રૂા. ૭,૦૦૦/- |
| નવયુગ અંક અર્પણ (ગ્લેઝ પેપર-સીંગલ કલર) | રૂા. ૨,૫૦૦/- |
| દિપોત્સવી નવયુગ અંક અર્પણ (ગ્લેઝ પેપર-સીંગલ કલર) | રૂા. ૩,૦૦૦/- |
| કલર પેજ (ફકત દિપોત્સવી અંક) | રૂા. ૨,૦૦૦/- |
| સાદુ પેજ (એક ફોટો ફ્રી) | રૂા. ૧,૫૦૦/- |
| અડધુ પેજ | રૂા. ૭૫૦/- |
| અડધુ પેજ (એક ફોટો) | રૂા. ૮૦૦/- |
| પા પેજ | રૂા. ૪૦૦/- |

(પા, અડધા અને આખા પેજમાં એક થી વધુ ફોટાના ફોટા દીઠ રૂા. ૫૦ વધારાના આપવાના રહેશે.)

**નવયુગ શુભેચ્છક :** રૂા.૧૫,૫૫૫/-
(પ્રથમ વર્ષે આખા પેજ પર અને ત્યારબાદ ૨૦ વર્ષ સુધી દર વર્ષે દાતાઓના ફોટા તથા મેટર અડધા પેજ પર છાપવામાં આવશે.)

**નવયુગ શુભચિંતક :** રૂા. ૨,૫૨૫/-
(દર માસે ક્રમ મુજબ પાનાની નીચે નામ આવશે અથવા દિપોત્સવી અંકમાં એક વખત ફોટો છપાશે.(ફોટો છપાશે તો નામ આવશે નહીં.)

## પંચોલી નવયુગ લવાજમના દર

| | |
|---|---|
| **માસિક** | **રૂા. ૧૦/-** |
| **વાર્ષિક લવાજમ** | **રૂા. ૧૦૦/-** |

# તંત્રીનોંધ



વ્હાલા જ્ઞાતિજનો....

સૌ કુશળ હશો... આ ૪૯૮મો પંચોલી નવયુગનો અંક આપ સૌના હસ્તકમળમાં મુકતા આનંદ થાય છે... અને પંચોલી નવયુગ હવે થોડા મહિના પછી ૫૦૦મો અંક પ્રકાશિત કરશે... ખરેખર એક સિદ્ધિ જ છે ને !

અગાઉ નવયુગનો ૨૦૦મો અંક વિશિષ્ટ અંક તરીકે પ્રકાશિત કર્યો હતો.... આતો ૫૦૦મો અંક છે, પંચોલી નવયુગ માટે શું કરી શકીએ ? કેવી રીતે પંચોલી નવયુગને વિશિષ્ટ માન આપી શકીએ....? આપના મંતવ્યો આવકાર્ય છે... આ વિષય પર જરૂરથી રસ લઇ કંઇક પ્રકાશ પાડશો એવી આશા અસ્થાને નથી જ.

આ અંકમાં આપણી જ્ઞાતિના તેજસ્વી તારલાઓ ઝગમગી રહ્યા છે... જેમણે આપના બાળકોને પ્રોત્સાહિત કરવા આ નવયુગના તેજસ્વી તારલાઓમાં સ્થાન અપાવ્યુ છે એવા માતા-પિતાનો ખૂબ ખૂબ આભાર અને આ પંચોલી જ્ઞાતિના નભમંડળમાં ઝગમગતા તારલોઓને પણ ખૂબ ખૂબ અભિનંદન... જીવનમાં ભણતરને સ્થાન આપી પ્રગતિ કરશો...તો સમાજનું તો ગૌરવ વધારશો જ પણ સાથે સાથે માતા-પિતા અને તમારા એકમનું પણ ગૌરવ વધારશો. સૌ જીવનમાં વિશેષ પ્રગતિ કરો એવી હાર્દિક શુભેચ્છાઓ..

અગાઉના અંકમાં નવયુગ નથી મળતા?????? શું કરુ ??? પણ કોઇએ રસ્તો ના બતાવ્યો.... આપણે એટલા તો નિરસ નથી જ થયા... સમાજમાં રસ તો લઇ જ રહ્યા છે... પંચોલી નવયુગ ના મળે તો ફોન પણ નિયમિત આવી જ જાય છે... તો આ બાબતમાં પણ કોઇ રસ્તો બતાવશો.... દરેક કાર્ય મુમકિન હોય છે...નામુમકિન તો નથી જ......

દિનેશભાઇ એમ. મિસ્ત્રી-તંત્રી
મલયકુમાર ડી. મિસ્ત્રી-સહતંત્રી
શ્રી પંચોલી નવયુગ

# પ્રમુખ નોંધ

કમલેશભાઇ પંચોલી
શ્રી. પં.સે.સ. મહામંડળ-પ્રમુખ



વ્હાલા જ્ઞાતિજનો....

કુશળ હશો.......

મેહુલો મન મુકીને વરસ્યો.... દરેક જગ્યાએ જળબંબાકાર કરતો રહ્યો... શ્રાવણ અધિકમાસ આ અંક મળશે એટલે પુરો થયો હશે... સાથે સાથે આપણો ધાર્મિક મહિનો શ્રાવણમાસ આવી રહ્યો છે... તો દરેક જ્ઞાતિજનો તન-મન અને ધનથી ધાર્મિક કાર્યક્રમો સાથે ભકિત પણ કરશો એવી આશા રાખું છું...

તેજસ્વી તારલોઓ આ અંકમાં પ્રકાશિત થયા છે.. તો દરેક તારલોઓને ઉજ્જવળ ભવિષ્ય માટેની હાર્દિક શુભેચ્છાઓ સહિત ખૂબ ખૂબ અભિનંદન....

શ્રાવણ આવે એટલે તહેવારોની હારમાળા શરૂ થાય છે અને દિવાળી પછી તહેવારો પૂર્ણ થશે... આપણે તહેવારોની ઉજવણી પણ કરીએ અને પાછો નવયુગ નો દિવાળી અંક પણ આવી રહેશે.. તો એમાં પણ મન મુકીને જાહેરાત આપશો.. આપની જાહેરાત નવયુગને આર્થિક રીતે સહાયરૂપ થશે.... તો આ વર્ષે જાહેરાતમાં પાછા ન પડશો... દરેક એકમના પ્રમુખ-મંત્રી અને ખબરપત્રીઓ ખૂબ જ ઉત્સાહથી કાર્ય કરી અને દિપોત્સવી અંકને પણ ઝગમગાવશો એવી આશા રાખું છું...

સ્વ. શ્રી બિપીનચંદ્ર નગીનદાસ મિસ્ત્રી તથા સ્વ. મંજુલાબેન બિપીનચંદ્ર મિસ્ત્રીના સ્મરણાર્થે બીલીમોરા નિવાસી શ્રી દક્ષેશ બિપીનચંદ્ર મિસ્ત્રી પરિવાર તરફથી શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળને રૂા. ૫૧,૧૧૧/- વિધવા સહાય માટે તબીબી સેવા સંકુલને રૂા. ૫૧,૧૧૧/- મેડિકલ સહાય માટે તથા સ્વ. છગનલાલ ત્રિભોવનદાસ મિસ્ત્રી સ્મારકનિધિને રૂા. ૫૧,૧૧૧/- એજ્યુકેશન સહાય માટે વ્યાજ વપરાશ ફંડ તરીકે મળ્યા છે. શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળને મળેલ આ માતબર દાન બદલ શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ દાતાશ્રીઓનો આભાર માને છે..

અંતમાં આવી રીતે દાનની ઝોળી છલકાવતા રહેશો... અને જરૂરીઆતમંદોને સહાયરૂપ થતા રહેશો એવી આશા સાથે.... જય પંચોલી સમાજ

# આપણું ગૌરવ



શ્રી પંચોલી સેવા સમાજના સભ્ય શ્રીમતિ પન્નાબેન મહેતા -ઉ.વ. ૬૦ અને તેમની સાથે તેમોની ભત્રીજી કિંજલ મહેતા એ તા. ૧૫.૦૪.૨૩ થી ૧૩.૦૫.૨૩ સુધીમાં બુલેટ પર નિકળી ૧૦,૦૦૦ કિ.મી. અને ભારતના ૧૨ જ્યોર્તિલીંગની યાત્રા ૨૯ દિવસમાં મુંબઇ થી નીકળી ૧૪ રાજ્યોમાંથી પસાર થઇ પૂર્ણ કરી...
આ સાહસ કરવા બદલ બન્નેને ખૂબ ખૂબ અભિનંદન




મુંબઇ નિવાસી કૃણાલ ક્રિષ્ણકાંત જી. પંચોલી-લેમીંગ્ટનરોડના ફકત ૭ વર્ષના સુપુત્ર ચિ. તનયે ઇન્ટરનેશનલ ઓલીમ્પ્યાડ મેથેમેટીક્સ એકઝામ ૨૦૨૨-૨૩ માં ૧૦૦ માંથી ૧૦૦ માર્કસ મેળવી સ્કૂલમાં પ્રથમ રેન્ક, મહારાષ્ટ્ર સ્ટેટમાં પ્રથમ રેન્ક, ઇન્ડીયા વેસ્ટ ઝોનમાં પ્રથમ રેન્ક અને ઓલીમ્પ્યાડ ઇન્ટરનેશનલ લેવલે ચતુર્થ રેન્ક મેળવ્યો છે..... નાની ઉંમરમાં આવી સુંદર પ્રસિધ્ધિ માટે તથા ઉજ્જવળ ભવિષ્ય માટે હાર્દિક શુભેચ્છાઓ સહ ખૂબ ખૂબ અભિનંદન.....

# Congratulations........



**Mr. Arth Mitesh Jariwala**
M.Tech in Mechanical Engineering



**Mr. Aayush Mitesh Jariwala**
B.Tech in Information Technology

Congratulations to
**Atrh Jariwala**
on successfully completing his Master's Degree From MSU, Vadodara and
**Aayush Jariwala**
on successfully completing his Bachelor's degree from SECT, Surat

We extend our warmest greetings and wish both of them the utmost success in their future endeavors. May their achievements pave the way for their future goals

**-: Blessings from :-**

Mr. Mukundchandra Jariwala(Dada)
Mr. Lt. Jayantbhai A. Mistry(Nana)
Mr. Sanjay Mukundchandra Jariwala
Mr. Mitesh Mukundchandra Jariwala

Mrs. Jasuben M. Jariwala (Dadi)
Mrs. Sardaben J. Mistry (Nani)
Mrs. Alauki Sanjay Jariwala
Mrs. Tina Mitesh Jariwala

**-: Best wishes :-**

Mr. Harsh A. Pancholi  Mrs. Esha Harsh Pancholi  Kayara H. Pancholi
Miss. Prachi Sanjay Jariwala

**C/201, Rutuvan Apartment, Opp. Axis bank, Adajan, Surat.**
**Phone No: 9898285179, 9924145653**



## દસમી પૂણ્યતિથિએ
## હૃદયાંજલી

સિધ્ધાંત જેનું જીવન,
સંસ્કાર જેનું સિંચન,
પરિશ્રમ જેનું કર્તવ્ય,
પરમાર્થ જેની ભક્તિ
એવા પૂણ્ય આત્માની કર્મોની
સુવાસ સદા સૌના હૃદયમાં
મહેંક્તી રહે.....એજ
દસમી પૂણ્યતિથિએ પ્રભુ પ્રાર્થના...

**અર્પણકર્તા**

ગં.સ્વ. હંસાબેન નંદકિશોરભાઈ પંચોલી
ચિ. સ્નેહા નંદકિશોરભાઈ પંચોલી
શ્રીમતિ ચૈતાલી રવિકુમાર જાદવ
તથા સહ પરિવાર

**સ્વ. નંદકિશોર ચીમનલાલ પંચોલી**
જન્મ : ૨૫.૦૧.૧૯૫૭ સ્વર્ગવાસ : તા. ૨૩.૦૭.૨૦૧૩

૩૯, સંધ્યાવંદન સોસાયટી, પાલનપુર જકાતનાકા, સુરત
મો. : ૯૩૭૫૧ ૦૧૮૩૬/૯૫૧૦૮૮૯૮૫૨

---

PancholiShaadi.com

Name : **Ashutosh D Kapadia**
Date of Birth : 17 March 1994
Time of Birth : 9:35 AM
Place of Birth : Rajpipla Rashi : Mesh (Aries)
Complexion : Medium
Height : 5 feet 6 inches
Education : **B-Tech Mechanical Engg (PDPU Gandhinagar)**
Occupation : **Own Business - Machines Manufacturing**
Father Name : Devendrakumar Natverlal Kapadia
Father's Occupation : Nuclear Power (NPCIL) - Govt. Officer
Mother Name : Chetanaben D Kapadia
Mother's Occupation : Home Maker
Brother Name (Younger) : Vivek D Kapadia
Contact Number : 9428059317 , 9913671090
Address : Flat 104 - Shiv Ratna Apartment, Desai Seri,Sagarampura, Surat 395002



# ચાલ બેસીએ...

ચાલ બેસીએ..હવે નિરાંતથી સાથે,
બહુ ઝઝુમીયા મંઝિલ માટે,
મંઝીલ તો મળી ગઇ પ્રયત્નો કરવાથી... ચાલ બેસીએ..
યુવાનીમાં વિતાવ્યા દિવસો ફરવામાં,
તારી અને મારી નોકરીમાં જીંદગી પુરી થઇ..
હવે મંઝીલના પગથીયે બેસી યાદ કરીએ.... ચાલ બેસીએ...
ન હતો સમય તને વાતો કરવાનો...
ન હતો સમય મને વાતો કરવાનો
જીંદગી આમ કયાંય વીતી ગઇ ખબરના પડી.. ચાલ બેસીએ..
સંતાનોના સ્વપ્નાઓ સાકાર કરવા,
આખી જાત તે અને મેં ઘસી નાંખી
તે કર્મનું ફળ ઇશ્વરે તો સારું આપ્યું... ચાલ બેસીએ....

**ગિરીશભાઈ એમ. પંચોલી-વડોદરા**

# અનુકરણિય

## શ્રી પંચોલી સેવા સમાજને મળેલ માતબર દાન

શ્રી અશોકભાઈ અંબેલાલ પંચોલી તથા પરિવારજનો લેસ્ટર યુકે તરફથી સ્વ. અંબેલાલ ઝીણાભાઈ પંચોલી અને સ્વ. મણીબેન અંબેલાલ પંચોલી તથા સ્વ.કાંતિભાઈ અંબેલાલ પંચોલી ની પુણ્ય સ્મૃતિમાં....... મહામંડળને શૈક્ષણિક સહાય માટે રૂપિયા 50000 તથા મેડિકલ સહાય માટે રૂપિયા 50000 દાન આપેલ છે દાતા નો ખુબ ખુબ આભાર વિદેશમાં રહીને પણ સમાજ માટેની લાગણી ખુબ સહરાનીય છે

**અમો અભારી છીએ....**

**ઇ.ચા. પ્રમુખ શ્રી કમલેશભાઇ પંચોલી મહામંત્રી જયેશભાઇ પંચોલી**

**તથા સંલગ્ન સંસ્થાના હોદ્દેદારો અને કારોબારી સભ્યો..**

# સંસ્થા સમાચાર

## શ્રી લીલાવતી છગનલાલ મેમોરીયલ ફંડ

"શ્રી લીલાવતી છગનલાલ મે. ફંડ" નાં ૨૩ માં વર્ષે કુલ્લે ૮૩ અરજી મળી હતી. અને લીલાવતી ફંડ ના સંચાલકો દ્વારા, Whasapp ના માધ્યમ થી મળેલ દરેક અરજીઓને સ્વીકારી, માન્યતા આપવામા આવી છે. જેમાં: વિધવા સહાય - 52, નિરાધાર સહાય - ૧૨, ઉચ્ચ શૈક્ષણિક સહાય - ૧૧, (૫-વિધાર્થી ૬-વિધાર્થીની ), વૈદકીય સહાય - ૬, વિકલાંગ સહાય - ૨. આ પ્રમાણે ની ૮૩ અરજી મંજૂર કરવામાં આવી છે. આ સહાય માં મુખ્યત્વે : ૬-મુંબઇ, ૮-બીલીમોરા, ૧-અજરાઈ, ૪-નવસારી, ૭-વ્યારા, ૯-સુરત, ૬-અંકલેશ્વર, ૧-ભરૂચ, ૧૧-બરોડા, ૭-રાજપીપળા, ૧૦-છોટાઉદેપુર, ૭-સંખેડા, ૧-ક્વાંટ, ૧-જબુગામ, ૪- અમદાવાદ થી આ પ્રમાણે અલગ અલગ ૧૫ વિવિધ એકમો નાં સભ્ય ને આ લાભ આપ્યા છે.

આ વર્ષે માન્ય કરવામા આવેલ દરેક અરજી નાં સભ્યો ને રૂ. ૫૦૦/= ની સહાય આપવામાં આવલે છે.

ખાસ નોધ: ઉપરોક્ત સહાય જે તે એકમ ના દરેક અરજીદારોનાં ખાતામાં, તારીખ : ૧૯ જૂન, ૨૦૨૩. ના રોજે મોકલી આપવામાં આવી છે Kindly Inform To All Family, Relatives, & to All Applicant આભાર સહ લીલાવતી છગનલાલ મેમોરિયલ ફંડ Trustee-Nilesh Rajnikant Chaganlal Pancholi & Family સંચાલકો:Rahul Jitendra Mistry.Vishal Kamal Kapadia.Kuntal Praful Pancholi.Rakesh Navinchandra Mistry&Parag Navinchandra Mistry. & શ્રી પંચોલી સેવા સમાજ મુંબઈ- કારોબારી સમિતી ૨૦૨૩-૨૪.

## પંચોલી સમાજ-અમદાવાદ



શ્રી પંચોલી સમાજ- અમદાવાદ (જનરલ મિટિંગનો અહેવાલ)શ્રી પંચોલી સમાજ- અમદાવાદની સામાન્ય સભા તારીખ 25-06-23, રવિવારના રોજ ડો. અપર્ણા પંચોલીનાં પ્રમુખ સ્થાને મળી. પ્રમુખે મિટિંગમાં હાજર રહેલા સભ્યોને હૃદયપૂર્વક આવકાર્યા. ત્યારબાદ સૌપ્રથમ દિવંગત આત્મા શ્રીમતિ સૂરતવંતીબેન મહેન્દ્રભાઇ પંચોલીને બે મિનિટ મૌન પાળીને ભાવભીની શ્રદ્ધાંજલિ આપી. મિટિંગમાં જેની આતુરતાપૂર્વક રાહ જોતા હતા તેવા ઉતીર્ણ થયેલા વિદ્યાર્થીઓને સમાજ તરફથી રોકડ રકમની શૌક્ષણિક સહાય આપવામા આવી. વિશિષ્ટ ઈનામ સ્વરૂપે નીચે પ્રમાણેના વિદ્યાર્થીઓને રોકડ ઈનામ વિતરણ કરવામાં આવ્યું.1. સ્વધા એમ. પંચોલી (ધો.12 - 86%)2. જય એ. પંચોલી (ધો.12 - 52%)3. વિધાન આર. પંચોલી (B.Tech in cyber security - 7.2 CGPA)4. નિસર્ગ એન. પંચોલી ( BBA - 66%)શ્રી પંચોલી સમાજ-અમદાવાદનાં વિવિધ ક્ષેત્રે સમાજમાં ઉત્કૃષ્ટ કાર્યો કરવા બદલ સન્માનિત કરવામાં આવ્યા. જેમાં મોખરે શ્રી જયેન્દ્રભાઇ પંચોલીને કલાક્ષેત્રે, ડો. સુગંધા પંચોલી તથા

ડો. કેવલ પટેલને તબીબ ક્ષેત્રે, શ્રી મિતેષ એચ. પંચોલી તથા શ્રીમતી હિરલ આર. પંચોલીને શિક્ષણક્ષેત્રે સમાજમાં યોગદાન આપવા બદલ સર્ટિફિકેટ ઓફ એક્સલેન્સ તથા સર્ટિફિકેટ ઓફ એપ્રિશિએશન પુષ્પગુચ્છ સહ સન્માનિત કરવામાં આવ્યા.ઉપસ્થિત સભ્યોએ સ્વૈચ્છિકપણે સમાજને ફૂલ નહીં તો ફૂલની પાંખડી રૂપે રોકડ રકમની સહાય કરી જે કાબિલે તારીફ રહી. જેમાં,1. ડો. સુગંધા પંચોલી દ્વારા રૂ. 3000ની ભેટ2. શ્રી જીતેન્દ્રભાઇ તથા શ્રીમતી પલ્લવીબેન પંચોલી દ્વારા રૂ. 1000ની ભેટ3. શ્રી પ્રદીપભાઇ તથા શ્રીમતી પારૂલબેન પંચોલી દ્વારા રૂ. 1000ની ભેટમંડળે તેમના આ ઉમદા કાર્યને તાળીઓ સાથે સહર્ષ વધાવી. અત્રે ઉલ્લેખનીય છે કે, મંત્રી શ્રી નિરજ પંચોલી તરફથી દસ વર્ષ સુધી શિક્ષણ સહાયની 50 ટકા રોકડ રકમ મંડળને આપવાની જાહેરાત કરેલી હતી. મંડળના સભ્યો તેમની આ પહેલનો ખૂબ ખૂબ આભાર માને છે. શ્રી રાજુલ એચ. પંચોલીની સર્વાનુમતે સહખજાનચી પદે નિયુક્તિ કરવામાં આવી. શ્રીમતી નેહા એન. પંચોલી દ્વારા એક દિવસના પર્યટનની રજૂઆત કરવામાં આવી. સૌ સભ્યોએ આ વિચારને આવકાર્યો. અંતે બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહેલા સભ્યોએ શ્રીગરીશભાઇ, શ્રીમતી ભાવનાબેન તથા પરિવારજનોનો સ્વગૃહે મિટિંગનાં આયોજન તેમજ સ્વાદિષ્ટ અલ્પાહાર રાખવા બદલ હૃદયપૂર્વક આભાર માન્યો.

## શ્રી ગણદેવી પંચોલી પંચ

તા. ૧૦.૦૩.૨૦૨૩ના રોજ એકમના પ્રમુખશ્રી ચિન્તુકુમારના નિવાસ સ્થાને મિટીંગનું આયોજન કરવામાં આવ્યું હતુ જેમાં દરેક સભ્યોએ હાજરી આપી હતી. પ્રમુખશ્રીએ સૌને આવકાર્યા તથા રામનવમી નિમિત્તે હવનપૂજા માટેની ચર્ચા વિચારણા કરવામાં આવી. જેમાં શ્રી હિતેશભાઇ અને રમીલાબેન પંચોલીનું યજમાન તરીકે



નામ નક્કી કરવામાં આવ્યું. રામનવમી હવનપૂજા નિમિત્તે સૌએ યથાશક્તિ ફાળો નોંધાવ્યો.

લેસ્ટર-યુ.કે. નિવાસી સ્વ. ઉર્મિલાબેન કેશવભાઇ મિસ્ત્રીના સ્મરણાર્થે રૂા. ૨૧,૦૦૦/-નું દાન હસ્તે દિલીપભાઇ, મહેશભાઇ અને કાશ્મીરાબેન મિસ્ત્રી તરફથી ગણદેવી એકમને મળ્યુ છે.. જેની જાહેરાત ચિન્તુભાઇ એ કરી અને દાતાશ્રીઓનો ખૂબ ખૂબ આભાર વ્યકત કર્યો.

તા. ૩૦.૦૩.૨૦૨૩ને ગુરૂવાર, રામનવમીના દિવસે પંચની વાડીમાં સવારે ૯.૦૦ કલાકે હવનપૂજાની શુભ શરૂઆત કરવામાં આવી. ગણદેવીના સભ્યોએ ઉત્સાહભેર હાજરી આપી હતી. શ્રી હિતેશભાઇ અને રમીલાબેને શ્રધ્ધાપૂર્વક પૂજા કરી હતી. બપોરે ૧૨.૦૦ કલાકે હવનની પૂર્ણાહૂતિ કરી માતાજીની આરતી કરી અને પ્રસાદ લીધો.

અંતમાં સ્વરૂચી ભોજનનો રસાસ્વાદ માણી સૌ છુટા પડયા.

## શ્રી નવસારી પંચોલી જ્ઞાતિ પંચ

તા. ૦૪.૦૬.૨૦૨૩ના રોજ શ્રી નવસારી પંચોલી જ્ઞાતિ પંચ અને ઉત્તમરામ ભાણાભાઇ વીલ ટ્રસ્ટ તરફથી વિદ્યાર્થીઓને નોટબુક વિતરણ અને રોકડ રકમ વિતરણ માટે મિટિંગનું આયોજન કરવામાં આવ્યુ હતું જેમાં મોટી સંખ્યામાં જ્ઞાતિજનોએ હાજરી આપી હતી.

મંત્રી શ્રી ઉર્વીબેન નિકુંજભાઇ મિસ્ત્રીએ સર્વેને આવકાર્યા બાદ હીર દિપેશભાઇ પંચોલી અને મુદ્રા નિકુંજભાઇ પંચોલીની પ્રાર્થના બાદ મિટિંગની શરૂઆત કરવામાં આવી.

પ્રમુખશ્રી દિપેશભાઇ પંચોલી એ ઉત્તિર્ણ થયેલ





વિદ્યાર્થીઓને ખૂબ ખૂબ અભિનંદન પાઠવ્યા અને ઉત્તરોત્તર પ્રગતિ માટે શુભેચ્છાઓ પાઠવી. અમેરીકા નિવાસી શ્રી હેમંતભાઇ વિક્રમભાઇ મહેતા અને શ્રી જતીનભાઇ વિક્રમભાઇ મહેતા તરફથી રૂા. ૨,૨૨,૨૨૨/-(બે લાખ, બાવીસ હજાર, બસો બાવીસ રૂા.) વ્યાજ વપરાશની શરતે વિદ્યાર્થીઓ માટે શૈક્ષણિક સહાય પેટે આપવાની દરખાસ્ત મુકવામાં આવી જે સર્વાનુમતે મંજુર કરવામાં આવી.

જ્ઞાતિજનોના મનોરંજન માટે ફનગેમનું આયોજન કરવામાં આવ્યું. જેમાં સૌ કોઇએ ગેમ રમી આનંદિત થયા. દરેકને ચોકલેટ આપી સૌનું મો મીઠું કરાવ્યું.

વિદ્યાર્થીઓને નોટબુક, પેન્સિલ, બોલપેન, અને રોકડ સહાયનું વિતરણ કરવામાં આવ્યું.
આજરોજ નીચે મુજબનું દાન મળ્યું.

૫૦૦૧ કમલકાંત બી મિસ્ત્રી-ખડસુપા
૩૦૦૦ ઉર્વી નિકુંજ મિસ્ત્રી
૧૧૧૧ એક વ્યકિત તરફથી
૨૫૦ મહેશભાઇ જી. પંચોલી
૨૫૦ જયંતીભાઇ જી. પંચોલી
૨૦૧ દિપેશ જી. પંચોલી
૨૦૧ ગં.સ્વ. પ્રતિમાબેન ડી. મિસ્ત્રી
૧૦૧ ગં.સ્વ. વીણાબેન ભોગીલાલ મિસ્ત્રી
૧૦૧ શરદચંદ્ર યુ. મિસ્ત્રી
૧૦૦ તરૂલતાબેન મ. મિસ્ત્રી
૨૦૧ ગં.સ્વ. ભારતીબેન જે. પંચોલી

દાતાઓનો ખૂબ ખૂબ આભાર... અંતમાં પાવભાજી અને પુલાવ તથા કોલ્ડડ્રીંક્સનો રસાસ્વાદ માણી છુટા પડયા.

## એક દિવસીય પ્રવાસ

તા. ૦૨.૦૭.૨૦૨૩ના રોજ શ્રી નવસારી પંચોલી સમાજ દ્વારા એક દિવસીય પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૩૪ સભ્યોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. સવારે ૬ કલાકે નવસારીથી પ્રવાસની શરૂઆત કરવામાં આવી. ૯ કલાકે ગીરાધોધ પહોંચ્યા. વરસાદી વાતાવરણને લઇને સુંદર સૌદર્ય ખીલી ઉઠયુ હતું. ચા-નાસ્તાને ન્યાય આપી સાપુતારા જવા રવાના થયા. ૧૧ કલાકે સાપુતારા પહોંચ્યા. વરસાદી ઋતુ અને ત્યાંનું અહ્લાદક વાતાવરણ માણી સૌ આનંદિત થયા. વિવિધ સ્થળોની મુલાકાત લીધી અને સૌએ મન ભરીને આનંદ માણ્યો. રાત્રે ૯ કલાકે નવસારી આવવા રવાના થયા. સુંદર આયોજન બદલ પ્રમુખશ્રીનો આભાર માની સૌ છુટા પડયા.

# મહિલા સમાચાર

## શકિત મહિલા મંડળ-ગણદેવી

શકિત મહિલા મંડળ-ગણદેવીની મિટીંગ તા. ૧૬.૧.૨૦૨૩ના રોજ જીગીષાબેનના ઘરે રાખવામાં આવી. જાન્યુઆરી માસમાં આપેલ પ્રોજેક્ટ અનુસાર મકરસંક્રાંતિ નિમિત્તે પતંગ-દોરાનું ડેકોરેશન કર્યુ. બહેનો તલના લાડુ-બોર-ચીકી, મમરાના લાડુ, દાણાની ચીકી વિગેરે લાવ્યા હતાં.

૨૬ જાન્યુઆરી નિમિત્તે બહેનોએ દેશભકિત ગીતો રજુ કર્યા. બહેનો આમળાની વિવિધ વાનગી બનાવી લાવી હતી. જેમાં આમળાનો મુરબ્બો, મુખવાસ, કેન્ડી, શરબત, ચ્યવનપ્રાશ તથા શિયાળુ પાક બનાવી લાવ્યા હતા. ઉત્તરાયણ નિમિત્તે બહેનો પોતાના ફેમીલી સાથે ટેરેશમાં પતંગ ચગાવી ઓનલાઇન બધા જોડાઇને ઉજવણી કરી હતી.

તા. ૨૩.૦૨.૨૦૨૩ના રોજ વૈશાલીબેનના નિવાસ સ્થાને ફેશન શો-કેટવોકનું આયોજન કરવામાં આવ્યું. સૌ બહેનોએ સુંદર સજીને ભારતીય ડ્રેસ અને વેસ્ટર્ન ડ્રેસમાં કેટવોક કર્યુ. બહેનોએ એકબીજાને ફુલ આપી વેલેન્ટાઇન ડેની ઉજવણી ડાન્સ કરીને કરી. જીજ્ઞાશાબેનની બર્થડે નિમિત્તે



શુભેચ્છાઓ પાઠવી.

માતૃ-પિતૃ પ્રોજેક્ટ અનુસાર વૈશાલીબેન, જીગીષાબેન અને હેમલતાબેને પોતાના મંતવ્યો રજુ કર્યા.

૩૦૦ રૂા. વૈશાલીબેન તરફથી એનીવર્સરી નિમિત્તે
૨૦૦ રૂા. જીજ્ઞાશાબેન તરફથી બર્થડે નિમિત્તે.
અંતમાં અલ્પાહાર અને શરબતને ન્યાય આપી છુટા પડયા.

તા. ૩૦.૦૪.૨૦૨૩ની મિટિંગનું આયોજન પ્રોજેક્ટ મુજબ ડબ્બા પાર્ટીનું આયોજન બીલીમોરા ખાતે આવેલ બર્ડ પાર્ક ખાતે બહેનો અને બાળકો સાથે વિવિધ વાનગીઓ લઇ ગયા હતા. અનેક પ્રકારના નવા જ પક્ષીઓ નિહાળ્યા. બાળકોને ખૂબ જ મઝા આવી. અંતાક્ષરી અને વિવિધ રમતો રમ્યા. અને ત્યારબાદ વિવિધ વાનગીઓનો આનંદ માણ્યો અને કોલ્ડ ડ્રીંકસને ન્યાય આપી છુટા પડયા.

તા. ૫.૫.૨૦૨૩ના રોજ શકિત મહિલા મંડળની બધી બહેનો પ્રોજેક્ટ અનુસાર સરકારી હોસ્પિટલમાં જઇ દર્દીઓને બિસ્કીટ અને ફળોનું વિતરણ કર્યુ હતું.

૫ જુન વિશ્વ પર્યાવરણ દિન હોવાથી ગણદેવી ખાતે આવેલ જયુબીલી ગાર્ડનમાં જઇ ફુલછોડને પાણી પીવડાવી છોડની માવજત કરી નવા છોડો રોપ્યા. અને દરેક બહેનોએ પોતાના ઘરે પણ છોડ રોપી વિશ્વ પર્યાવરણ દિનની ઉજવણી કરી.

જુન માસની મિટીંગ વૈશાલીબેનના નિવાસ સ્થાને પ્રોજેક્ટ અનુસાર હેલ્થ કેરનો પ્રોજેક્ટ કરવામાં આવ્યો હતો. ૨૧ જુન વિશ્વ આરોગ્ય દિન નિમિત્તે બધી બહેનોએ સૂર્ય નમસ્કારના ૫ રાઉન્ડ કરી યોગોના વિવિધ આસનો કરવામાં આવ્યા હતા. વૈશાલીબેને યોગ અને પ્રાણાયામ દ્વારા આરોગ્યની કાળજી અને લાભો વિશે જણાવ્યું હતું. બહેનોએ પણ યોગ વિશે રીવ્યુ આપ્યા હતા. સ્વસ્થ રહેવા બધી બહેનોએ નિયમીત યોગાસન અને પ્રણાયામ કરવાનું નકકી કરી વલીયારીના શરબતને ન્યાય આપી છુટા પડયા.

## પ્રગતિ મહિલા મંડળ-વ્યારા

તા. ૨૩.૦૪.૨૦૨૩ના રોજ પ્રગતિ મહિલા મંડળની મિટીંગ રીવરફ્રન્ટ પર રાખવામાં આવી હતી. સૌ બહેનોને આવકાર આપી મિટીંગની શરૂઆત કરવામાં આવી હતી. યોગીતાબેને પ્રાર્થના રજુ કરી. આ માસમાં આવતી બર્થડે અને મેરેજ એનીવર્સરી વીશ કરવામાં આવી. રંજનબેને સરપ્રાઇઝ ગેમ રમાડી જેના વિજેતા આનંદીબેન બન્યા. ત્યારબાદ પાસીંગ ધ ગ્લાસ, કોથળા દોડ, નદી કે પર્વત, પાંચીકા, સોડા બોટલમાં લખોટી, આંધળો પાટો શીઘ્ર વર્તન જેવી વિવિધ રમતો રમ્યા.

રૂા. ૨૫૧ કુસુમબેન શાંતિલાલ પંચોલી તરફથી બર્થડે અને એનીવર્સરી નિમિત્તે મળ્યા....આભાર. અંતમાં સૌ બહેનો મળીને ડબ્બા પાર્ટી અને આઇસક્રીમની મઝા માણી છુટા પડયા.

પ્રગતિ મહિલા મંડળની વાર્ષિક મિટીંગ તા. ૧૮.૦૬.૨૦૨૩ના રોજ પંચોલી વાડીમાં રાખવામાં આવી હતી. જયોત્સનાબેનની પ્રાર્થનાથી મિટીંગની શુભ શરૂઆત કરવામાં આવી હતી. મે-જુન માસમાં આવતી બર્થડે અને એનીવર્સરી વીશ કરવામાં આવી.

વાર્ષિક મિટીંગની શરૂઆત સમારંભના પ્રમુખ ગીતાબેન ગાંધીને હેતલબેને આમંત્રિત કર્યા. અતિથિવિશેષ પારૂલબેન ગાંધીને પ્રિયંકાબેને આમંત્રિત કર્યા. ગીતાબેન અને પારૂલબેનનું પુષ્પગુચ્છથી સ્વાગત કર્યુ. ગીતાબેને સરપ્રાઇઝ ગેમ રમાડી.

સમાજના હોદ્દેદારો, ટ્રસ્ટીઓ અને મહામંડળના હોદ્દેદારો ને તાળીઓના ગડગડાટથી વધાવ્યા અને સૌનું પુષ્પગુચ્છથી સ્વાગત કર્યુ. સમાજના માજી પ્રમુખ અને

મહામંડળના પ્રમુખ સ્વ. હિતેષભાઇ ગાંધીને બે મિનિટ મૌન પાળી શ્રધ્ધાંજલી આપી.

સમારંભના પ્રમુખ ગીતાબેનનો પરીચય હેતલબેને અને અતિથિવિશેષ પારૂલબેન ગાંધીનો પરીચય પિચંકાબેને આપ્યો. રંજનબેને આખા વર્ષના હિસાબોનું વાંચન કર્યુ. લગ્નગીત મંડળનું વિસર્જન કરી લગ્નગીતના પૈસામાંથી સૌ બહેનોને ચાંદીના સીકકા(સ્મૃતિભેટ) આપવામાં આવ્યા. પંચોલી મહિલા મંડળનું બેનર બનાવી આપવા બદલ ચેતનભાઇનો પુષ્પગુચ્છ આપી આભાર માન્યો. સમારંભના પ્રમુખ ગીતાબેન અને અતિથિવિશેષ પારૂલબેને સભાને ઉદ્બોધન કર્યુ.

હેતલબેને વર્ષ દરમ્યાન કરેલ પ્રોજેકટની ઝાંખી પ્રોજેક્ટર દ્વારા રજુ કરી. વર્ષ દરમ્યાન સ્પર્ધાના વિજેતાઓને ઇનામ વિતરણ કરવામાં આવ્યા. ગીતાબેને સૌ કારોબારી બહેનો અને હોદ્દેદારોને સ્મૃતિ ભેટ આપી. સમારંભ પ્રમુખ ગીતાબેન અને અતિથિવિશેષ પારૂલબેનને સ્મૃતિ અર્પણ કરી. સૌ બહેનો હાઉસી રમ્યા. હાઉસીના વિજેતાઓને ગીતાબેન તરફથી ઇનામો આપવામાં આવ્યા.

નવા હોદ્દેદારોની નિમણૂંક કરવામાં આવી જેમા પ્રિયંકાબેન-પ્રમુખ, સોનલબેન - ઉપપ્રમુખ, ભાવનાબેન - મંત્રી, કૃતિબેન - સહમંત્રી. નવા વરાયેલા પ્રમુખ તથા તેમની ટીમને શુભેચ્છાઓ પાઠવી. પંચોલી સમાજના હોદ્દેદારોએ યોગ્ય ભેટ આપી. પ્રમુખશ્રી રાજુભાઇએ આભાર વ્યકત કરી ભેટ આપી. પ્રમુખપદેથી વિદાય લેતા હેતલબેનને સ્મૃતિભેટ આપી. અંતમાં પ્રીતી ભોજન લઇ છુટા પડયા.

૫૧ પ્રભાબેન જમીયતભાઇ પંચોલી
૧૫૧ પ્રભાબેન જમીયતભાઇ પંચોલી-એનીવર્સરી
૧૦૧ દક્ષાબેન મહેશભાઇ પંચોલી-બર્થડે
૧૦૧ રંજનબેન નવિનભાઇ - પૌત્રજન્મ નિમિત્તે
૨૫૧ ભરતભાઇ પંચોલી
૨૦૨ દિપીકાબેન કમલેશભાઇ-બર્થડે અને એનીવર્સરી
૧૦૧ યોગીતાબેન હેમંતભાઇ - બર્થડે
૨૫૦૧ ગીતાબેન ગાંધી-સમારંભ પ્રમુખ સ્થાનેથી
૧૫૦૧ પારૂલબેન ગાંધી-સ્વ. હિતેશભાઇના સ્મરણાર્થે
૨૦૧ અલ્પા રાજેશભાઇ-પૌત્ર ઓસ્ટ્રેલીયા ગમન
૪૦૨ કૃતિ પંચોલી-શુભ-કૈશ્વી બર્થડે
૨૦૧ રીના ધર્મેશ પંચોલી-જેયુલ બી-ટેક પાસ ૭૯.૯૮%
૧૦૦ પ્રવિણા ભૂપેન ગાંધી-એનીવર્સરી
૫૦૧ કુસુમબેન પૌત્ર ૧૨ સા. પાસ
૧૦૧ મનાલી જીમી મિસ્ત્રી- બર્થડે
૧૦૧ નીશા રાજેશભાઇ - એનીવર્સરી
૫૦૧ સમાજના હોદ્દેદારો તરફથી
૧૦૦૧ રચના નીલ પંચોલી-બર્થડે-લગ્ન નિમિત્તે
૫૦૧ ભાનુબેન-માનના જન્મ નિમિત્તે
૧૧૧૧ હેતલબેન પંચોલી પ્રમુખપદેથી વિદાયની વેળાએ
૫૦૧ સોનલબેન-દિકરીની નોકરી લાગી
૫૦૧ સોનલબેન-પુત્રને અમેરીકામાં ૧ વર્ષ નિમિત્તે
૧૫૧ જયોત્સનાબેન -પ્રનિલની બર્થડે
૧૦૧ પ્રભાબેન પંચોલી-પૌત્રી નિયતિ ડો. બની તે નિમિત્તે.

## અંકલેશ્વર મહિલા મંડળ-અંકલેશ્વર



અંકલેશ્વર મહિલા મંડળની મે-જુન માસની મિટિંગ સ્નેહાબેન મિસ્ત્રીના ઘરે રાખવામાં આવી હતી. મિટિંગની શરૂઆત પ્રાર્થનાથી કરવામાં આવી. જીવનમાં આધ્યતાત્મિકતાનું મહત્વ અનુરાધાબેન તથા દક્ષાબેને સમજાવ્યું.

વડસાવિત્રી પર્વ નિમિત્તે બહેનોએ સોભાગ્યવતીના શણગાર સજી વડની પૂજા કરી ઓનલાઇન ફોટા મુકવામાં આવ્યા. વિશ્વ પર્યાવરણ નિમિત્તે છોડ વાવી ઉજવણી કરી એકસ્ટ્રા પ્રોજેકટ કર્યો. આ દિવસે રમતગમતમાં લોટ પૈસો અને કોથળાદોડની રમત રમ્યા. એક મિનિટની ગેમ સ્નેહાબેને રમાડી જેમાં અનુરાધાબેન અને નીપાબેન વિજેતા થયા. આ માસમાં આવતી બર્થડે અને એનીવર્સરી

વીશ કરી ગીફ્ટ આપવામાં આવી.

ખુશ્બુબેનની બર્થડે હોવાથી તેમના તરફથી બધી બહેનોને કપ કેક આપી બર્થડેની ઉજવણી કરી. નાસ્તા-શરબતને ન્યાય આપી સૌ છુટા પડયા. આજરોજ નીચે મુજબ ભેટ
રૂા. ૫૦ કેતકીબેન તરફથી બર્થડે
રૂા. ૫૦ સોનલબેન મનોજભાઇની બર્થડે નિમિત્તે મીનાબેન તરફથી
રૂા. ૧૦૦ સોનલબેન મનોજભાઇ તરફથી બર્થડે નિમિત્તે.
રૂા. ૧૦૧ ખુશ્બુબેન વિસ્મયભાઇ તરફથી બર્થડે નિમિત્તે.
રૂા. ૧૫૧ કલ્પનાબેન તરફથી પૌત્ર જન્મની ખુશાલી નિમિત્તે.
રૂા. ૫૦ અનુરાધાબેન તરફથી શુભેચ્છા ભેટ

તા. ૨૪ જુન ને શનિવારના રોજ સવારે ૧૦ કલાકે મહિલા મંડળની બહેનોએ અંકલેશ્વર સ્થિત મ્યુનિસીપાલીટી દવાખાનામાં દર્દીઓને બિસ્કીટ અને મીનાબેન છગનભાઇ તરફથી ચેવડાના પેકેટનું વિતરણ કરવામાં આવ્યું.
એકસ્ટ્રા પ્રોજેકટમાં જાગૃતિબેન અને હંસાબેન તરફથી બાળકોને નાસ્તો અને ફ્રુટી વિતરણ કરવામાં આવી.

તા. ૨૧ ૭.૨૦૨૩ના રોજ ગીતાબેન રાજેન્દ્રભાઇ મિસ્ત્રીના નિવાસ સ્થાને મિટીંગ રાખવામાં આવી હતી. મિટીંગની શરૂઆત પ્રાર્થનાથી કરવામાં આવી. મંત્રી જાગૃતિબેન ગોપાલભાઇએ ગત મિટીંગનો અહેવાલ વાંચ્યો. ગુરૂપુર્ણિમા નિમિત્તે પ્રિયંકાબેન ધવલભાઇ મિસ્ત્રી દ્વારા ગુરૂપૂજન કરવામાં આવ્યું. દક્ષાબેન મિસ્ત્રીએ ગુરૂનું મહત્વ સમજાવ્યું. ગુરૂ પૂર્ણિમા વિશે બિનીતાબેન, જાગૃતિબેન સંજયભાઇ, કલ્પનાબેન અને ખુશ્બુબેને ગુરૂ વિશે બે શબ્દો કહ્યા. ગુરૂપૂર્ણિમાં નિમિત્તે યોગ શિક્ષિકા જાગૃતિબેનનું બિનીતાબેનના વરદ હસ્તે સન્માન કરવામાં આવ્યું.

સોનલબેન મનોજભાઇ, નીતાબેન પંચોલી અને નીપાબેને અધિકમાસ વિશે પોતાના વિચારો રજુ કર્યા. અધિકમાસ નિમિત્તે ભજનો ગાઇને વધારાનો પ્રોજેકટ કર્યો. ગૌરી વ્રત નિમિત્તે નાની બાળાઓએ થાળી શણગાર અને જવારા સાથેના ફોટાઓ ઓનલાઇન મુકયા. ત્યારબાદ મિટિંગમાં બાળાઓને મીરાબેન તરફથી ગીફ્ટ આપી. પ્રિયંકાબેને વન મિનિટ ગેમ રમાડી. અધિકમાસ નિમિત્તે એક દિવસીય પ્રવાસ અંગે ચર્ચા વિચારણા કરવામાં આવી અને તા. ૭.૮.૨૦૨૩ના રોજ પ્રવાસનું આયોજન કરવાનું નક્કી કરવામાં આવ્યું.

રૂા. ૧૦૧ સંગીતાબેન રમણભાઇ પંચોલી તરફથી ભેટ મળી અંતમાં અલ્પાહાર - શરબતને ન્યાય આપી છુટા પડયા.

## તેજસ્વી મહિલા મંડળ-વડોદરા

તા. ૨૨.૬.૨૦૨૩ના રોજ કારોબારી મિટિંગ શ્રીમતિ જ્યોતિબેન એસ. પંચોલી તરફથી સાગર હોટલમાં સવારે ૧૨. કલાકે રાખવામાં આવી હતી. જ્યોતિબેન તરફથી ડ્રેસ કોર્ડ પીક કલર રાખ્યો હતો. મિટિંગની શરૂઆત જ્યોતિબેનની પ્રાર્થનાથી કરવામાં આવી. સમાજમાં દિવંગત પામેલ આત્માઓની શાંતિ માટે બે મિનિટ મૌન પાડી શ્રધ્ધાંજલી આપવામાં આવી. ગત મિટીંગનો અહેવાલ આનંદીબેને વાંચી સંભળાવ્યો. જ્યોતિબેને સૌ બેનોને સૂપ પીવડાવી સ્વાગત કરી આભાર વ્યકત કર્યો. જુન-૨૦૨૩માં આપેલ પ્રોજેકટ અનુસાર હેલ્થ એન્ડ બ્યુટી કેરમાં જ્યોત્સનાબેન તેમજ શીલાબેને પોતાના મંતવ્યો રજુ કર્યા. વટ સાવિત્રી નિમિત્તે સોળે શણગાર સ્પર્ધામાં બહેનોએ પોતાના ફોટા ઓનલાઇન રજુ કર્યા હતા. જ્યોતિબેન તરફથી લકી ડ્રો કર્યો જેના પ્રથમ હર્ષાબેન અને દ્વિતીય સપનાબેન વિજેતા થયા. તેમને ગીફ્ટ આપી નવાજ્યા. જ્યોતિબેન તરફથી બે ગેમ રમાડવામાં આવી જેમાં પ્રથમ ગેમના વિજેતા જ્યોતિબેન કે. અને દ્વિતીય વિજેતા પ્રીતીબેન મપારા અને ગેમ બેમાં પ્રથમ વિજેતા શીલાબેન અને દ્વિતીય પ્રિતીબેન જય પંચોલી અને તૃતીય સ્થાને સુરેખાબેન અને હર્ષાબેન વિજેતા થયા હતા. મૅરેજ એનીવર્સરીની ખુશાલીમાં આનંદીબેન તથા જ્યોત્સનાબેને સૌ બહેનોને પર્ક અને ફાઇવસ્ટાર આપી મો મીઠુ કરાવ્યું. બન્ને ગેમના વિજેતાઓને જ્યોતિબેન તરફથી ઇનામો આપવામાં આવ્યા. હાઉસી પણ રમ્યા. સૌ બહેનોએ સમૂહમાં ભોજનની મઝા માણી. અંતમાં આજની મિટિંગના સુંદર આયોજન બદલ જ્યોતિબેન અને સુભાષભાઇનો આભાર ભુરીબેને માન્યો. જ્યોતિબેને સૌ બહેનોને કપલ હેન્ડકરચીફની વહેચણી કરી. આગામી મિટીંગ ભુરીબેનને ત્યાં રાખવાનું નક્કી કરવામાં આવ્યું.

## શ્રી પંચોલી સેવા સમાજ-મુંબઈ





શ્રીપંચોલીસેવાસમાજ-મુંબઈ દ્વારા આયોજિત - નોટબુક એવમ્ રોકડ વિતરણ કાર્યક્રમ - ૨૦૨૩ નું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં કુલ્લે ૨૮ વિદ્યાર્થી - વિદ્યાર્થિનીઓ ને લાભ પ્રાપ્ત થયો હતો. જેમાં કુલ્લે ૩૮૧ નોટબુક તથા Rs. ૨૮,૪૦૦ રોકડ વિતરણ કરવામાં આવ્યું.

નોટબુક અર્પણકર્તા

૧૫,૦૦૦ સ્વ. સુમિત્રાબેન અને શ્રી ભોગીલાલ કીકાભાઇ મિસ્ત્રીના સ્મર્ણાર્થે હસ્તે ગં.સ્વ. વીણાબેન

૧૫,૦૦૦ જમનાદાસ કીકાભાઇ પંચોલી-બીલીમોરા

૧૨,૩૪૫ યુવા મંચ આવિષ્કાર ગૃપ-

૫૫૫૫ એક સદ્‌ગૃહસ્થ તરફથી

૧૧૧૧૧ ધનસુખલાલ ભગવાનજી પંચોલી-બોરીવલી

૭૭૭૭ ગોવિંદદાસ છીબાભાઇ મિસ્ત્રી-પરીવાર

૬૬૬૬ દયાકોરબેન ચુનીલાલ પંચોલી-ગોળદેવળ

૫૫૫૫ સ્વે ઝીણાભાઇ પ્રાણજીવનદાસ મિસ્ત્રીના સ્મરણાર્થે હસ્તે ગં.સ્વે હરીગંગાબેન-જમેહમંઝીલ

૫૫૫૫ છગનલાલ વસનજી મિસ્ત્રી-અજરાઇ ના સ્મરણાર્થે અસ્તે રાજેન્દ્રભાઇ જે. મિસ્ત્રી-સુરત

૫૫૫૫ પ્રવિણાબેન મોહનલાલ કાપડિયા-ગોળદેવળ

૫૫૫૫ ગં.સ્વ. પાર્વતીબેન મંગુભાઇ મિસ્ત્રી હસ્તે જયંતિભાઇ મંગુભાઇ મિસ્ત્રી-ગોળદેવળ

૫૫૫૫ સ્વે દયારામ કલ્યાણજી મિસ્ત્રીના સ્મરણાર્થે હસ્તે ગં.સ્વ. મહાલક્ષ્મીબેન દયારામ મિસ્ત્રી બોરીવલી

રોકડ સહાય અર્પણકર્તા

૧૫૦૦૦ શ્રીમતિ પ્રિતીબેન અને કિરણભાઇ મણીલાલ પંચોલી-શાંતાક્રુઝ

૧૫૦૦૦ સ્વ.કમળાબેન દલપતરામ મિસ્ત્રીના સ્મરણાર્થેહસ્તે ઠાકોરભાઇ દલપતરામ મિસ્ત્રી-ગોરેગાંવ

૧૫૦૦૦ લલ્લુભાઇ જીવણજી મિસ્ત્રી પરીવાર હસ્તે ભરત લલ્લુભાઇ મિસ્ત્રી-કાંદાવાડી

૯૯૯૯ સ્વ. ભાણીબેન ગીરધરલાલ પંચોલીન સ્મરણાર્થે હસ્તે નવિનચંદ્ર અને પ્રવિણચંદ જી. પંચોલી-મુંબઇ

૭૭૭૭ સ્વ. વનિતાબેન હરીશભાઇ પંચોલીના સ્મરણાર્થે હસ્તે હરીશભાઇ છગનલાલ પંચોલી સુરત

૬૬૬૬ શ્રીમતિ હસુમતીબેન ડાહ્યાભાઇ મિસ્ત્રી-અંધેરી

૫૫૫૫ કુ. મનિષા જીતેન્દ્ર પંચોલી-પાર્લા, શ્રીમતિ અનિતા દેવાંગ પંચોલી-કાંદીવલી

૫૫૫૫ સ્વ. કીકાભાઇ ગુલાદાસ મિસ્ત્રી-અજરાઇ ના સ્મરણાર્થે હસ્તે રાજેન્દ્રભાઇ જેકીશનદાસ મિસ્ત્રી-સુરત

૫૫૫૫ શ્રી બળવંતરાય ઘેલાભાઇ મિસ્ત્રી પરીવાર ગોરેગાંવ

૫૫૫૫ શ્રીમતિ જયોત્સનાબેન અમૃતલાઇ કલ્યાણજી મિસ્ત્રી-સુરત

૫૫૫૫ સ્વ. લીલાવતીબેન ગુલાબદાસ કાપડિયાના સ્મરણાર્થે હસ્તે કમલ ગુલાબદાસ કાપડીયા-ખેતવાડી ૧૧મી ગલી

### શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળનો નવો એકાઉન્ટ નંબર

આપનું દાન 'શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ' ના નામે બેંક ઓફ બરોડા-વ્યારા શાખા,

**A/c. No. : 02690100010065,**

**IFSC Code : BARB0YYARAX**

(પાંચમો અંક ઝીરો છે)

માં જમા કરાવો અને કાઉન્ટર મોકલી અમોને જાણ કરો..

મહામંત્રી : જયેશભાઇ સી. પંચોલી-રાજપીપલા

### શ્રી પંચોલી નવયુગ એકાઉન્ટ નંબર

આપનું દાન કે જાહેરાતના પૈસા **શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ** A/C **પંચોલી નવયુગ** ના નામે બેંક ઓફ બરોડા-અંકલેશ્વર ના સેવિંગ્સ ખાતા ન

**02210100057495, IFSC : BARB0ANKLES**

માં જમા કરાવો અને કાઉન્ટર મોકલી અમોને જાણ કરો.

તંત્રી : દિનેશભાઇ એમ. મિસ્ત્રી-અંકલેશ્વર

(**IFSC CODE** માં પાંચમો ડીજીટ ઝીરો છે..)

# દિપોત્સવીઅંક-૨૦૨૩ અંક

| | | | | |
|---|---|---|---|---|
| ☐ | દિપોત્સવી નવયુગ અંક અર્પણ | ₹ **૩,૦૦૦/-** | ☐ મલ્ટીકલર | ₹ **૭,૦૦૦/-** |
| ☐ | કલર પેજ (એક ફોટો ફ્રી) | ₹ **૨,૦૦૦/-** | ☐ બીજુ કવરપેજ | ₹ **૯,૦૦૦/-** |
| ☐ | સાદુ પેજ (એક ફોટો ફ્રી) | ₹ **૧,૫૦૦/-** | ☐ ત્રીજુ કવરપેજ | ₹ **૮,૦૦૦/-** |
| ☐ | અડધુ પેજ (એક ફોટા સાથે-૮૦૦/-) | ₹ **૭૫૦/-** | ☐ ચોથુ કવરપેજ | ₹ **૧૦,૦૦૦/-** |
| ☐ | ૫ા પેજ (ફોટા સાથે-૪૫૦) | ₹ **૪૦૦/-** | | |

**(પા પેજ, અડધા કે આખા પેજ માં એક થી વધુ ફોટાના ફોટા દીઠ ૫૦ રૂા. વધારે આપવાના રહેશે.)**
**કલર પેજ અને મલ્ટીકલર પેજ બે જ્ઞાતિજનો ભેગા મળી આખા પેજનું સેટીંગ કરી આપી શકશે.**

આ સાથે ઉપર ☑ કરેલ જાહેરાતના રૂા....................રોકડા (શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ બળદ પંચોલી નવયુગ ના નામે બેંક ઓફ બરોડા-અંકલેશ્વર ના સેવિંગ્સ ખાતા નં **02210100057495, IFSC : BARB0ANKLES** માં જમા કરાવો અને કાઉન્ટર મોકલી અમોને જાણ કરો.) (IFSC CODE માં પાંચમો ડીજીટ ઝીરો છે..)

શુભેચ્છા સંદેશ : ..........................................................................................................

..........................................................................................................................

..........................................................................................................................

..........................................................................................................................

..........................................................................................................................

ઘરના સભ્યો ના નામો. (૧)..............................................................................................

(૨)........................................................ (૩) ........................................................

(૪)........................................................ (૫) ........................................................

(૬)........................................................ (૭) ........................................................

(૮)........................................................ (૯) ........................................................

સરનામુ : ..........................................................................................................

..........................................................................................................................

..........................................................................................................................

..........................................................................................................................

પીન ..................................... ફોન : (ઘર)...............................(ઓ)..............................

મોબાઈલ ..........................................................................................................

પા પાનાની જાહેરાતમાં લિમીટેડ મેટર લેવામાં આવશે.

પ્રમુખ/મંત્રી/ખબરપત્રી તથા જ્ઞાતિજનોને વિનંતી કે આપની જાહેરાત આ ફોર્મમાં ભરીને જ મોકલવા વિનંતી

**આપની જાહેરાત મોકલવાની છેલ્લી તા. ૧૦ ઓકટોબર-૨૦૨૨ પહેલા મોકલાવશો...**


**જાહેરાત મોકલવાનું સ્થળ તંત્રી : દિનેશકુમાર મોહનલાલ મિસ્ત્રી**

અક્ષર પ્રિન્ટર્સ, ૨-૩ અજીત એસ્ટેટ, જુની દેનાબેંક પાછળ, ડો. બેંક રોડ, જી.આઈ.ડી.સી. અંકલેશ્વર


**મો : ૯૮૨૪૧ ૭૧૯૩૦, ૯૮૨૪૦ ૬૪૨૮૨**

**વધારાની મેટર પાછળ લખી મોકલશો.....**

# એકવાર જાવું હરિના ધામમાં



વાવડી નિવાસી પ્રવિણકુમાર જેન્તીભાઇ પંચોલી તા. ૧૩.૦૫. ૨૦૨૩ના રોજ હરિના ધામમાં ગયા.



સંખેડા નિવાસી ગોપાલભાઇ ચીમનભાઇ પંચોલી તા. ૧૫.૦૬. ૨૦૨૩ના રોજ હરિના ધામમાં ગયા.



વડોદરા નિવાસી સંગીતાબેન પંકજભાઇ પંચોલી તા. ૨૫.૦૬ ૨૦૨૩ના રોજ હરિના ધામમાં ગયા.



સુરત નિવાસી પ્રમોદચંદ્ર હરકીશનદાસ પંચોલી તા.૦૮.૦૭. ૨૦૨૩ના રોજ હરિના ધામમાં ગયા.




સંખેડા નિવાસી મધુબેન જયંતિલાલ પંચોલી ૧૨.૦૭.૨૦૨૩ના રોજ હરીના ધામમાં ગયા.




નવસારી નિવાસી અ.સૌ. જ્યોતિબેન અશોકકુમાર મિસ્ત્રી તા.૧૫.૦૭. ૨૦૨૩ના રોજ હરિના ધામમાં ગયા.



અંકલેશ્વર નિવાસી લીલાબેન અમ્રતભાઇ મિસ્ત્રી ૨૩.૦૭.૨૦૨૩ ના રોજ હરીના ધામમાં ગયા.




પાવી જેતપુર નિવાસી વિઠ્ઠલભાઇ મંગુભાઇ પંચોલી તા. ૦૭.૦૪. ૨૦૨૩ના રોજ હરિના ધામમાં ગયા.



રાજપીપલા નિવાસી પ્રિયંકાબેન હર્ષકુમાર પંચોલી તા. ૦૩.૦૩. ૨૦૨૩ના રોજ હરિના ધામમાં ગયા.




લેસ્ટર(યુ.કે.) નિવાસી ભોગીલાલ ચુનીલાલ પંચોલી તા. ૦૧.૦૭. ૨૦૨૩ના રોજ હરિના ધામમાં ગયા.



કવાંટ નિવાસી કૃષ્ણકાંત ગોરધનદાસ પંચોલી તા. ૧૩.૧૨. ૨૦૨૨ના રોજ હરિના ધામમાં ગયા.



વડોદરા નિવાસી તથા વડોદરા સમાજના પૂર્વપ્રમુખ પદ્મકાંત એમ. પંચોલી તા. ૧૫.૦૭.૨૦૨૩ના રોજ હરિના ધામમાં ગયા.



વડોદરા નિવાસી ભોગીલાલ મુળજીભાઇ પંચોલી તા. ૨૧.૦૭.૨૦૨૩ના રોજ હરીના ધામમાં ગયા.




મુંબઇ શાંતાક્રુઝ નિવાસી શકુંતલાબેન પરસોત્તમભાઇ મિસ્ત્રી તા. ૨૫.૦૭.૨૦૨૩ના રોજ હરિના ધામમાં ગયા. ઉ.વ. ૯૪

# એકવાર જાવું હરિના ધામમાં



ચાંદોદ નિવાસી શ્રીમતિ વીણાબેન જયપ્રકાશભાઇ પંચોલી તા. ૩૦.૦૭. ૨૦૨૩ના રોજ હરિના ધામમાં ગયા.

સુરત નિવાસ સંજયભાઇ જયંતિલાલ પંચોલી તા. ૧૦.૦૮.૨૦૨૩ના રોજ હરીના ધામમાં ગયા.



## હેપી ૫૦મી મેરેજ એનીવર્સરી



મુંબઇ નિવાસી શ્રીમતિ મીનાબેન તથા શ્રી જીતેન્દ્રભાઇ મણીલાલ મિસ્ત્રીની તા. ૬.૭.૨૦૨૩ના રોજ ૫૦મી મેરેજ એનીવર્સરી નિમિત્તે સમગ્ર પંચોલી સમાજ હાર્દિક શુભેચ્છાઓ પાઠવે છે.

## ટીપે ટીપે સરોવર ભરાય

રૂા. ૫૦૧ મુંબઇ શાંતાક્રુઝ નિવાસી શ્રીમતિ મીનાબેન તથા શ્રી જીતેન્દ્રભાઇ મણીલાલ મિસ્ત્રીની ૫૦મી મેરેજ એનીવર્સરી નિમિત્તે.

રૂા. ૫૦૦ તેજગઢ નિવાસી શ્રી ગોપાલભાઇ ધૂળાભાઇ પંચોલીની સુપુત્રી રિધ્ધિ MSc.Bed.માં ઉત્તિર્ણ થયા તે નિમિત્તે.

રૂા. ૧૦૦ સુરત નિવાસી જીજ્ઞેશભાઇ રમણીકભાઇ મિસ્ત્રી તરફથી પુત્ર કર્ણવ SSC પાસ થયો તે નિમિત્તે

**પંચોલી નવયુગ શુભચિંતક**

| | | | |
|---|---|---|---|
| શ્રી શાંતિલાલ મણીલાલ મિસ્ત્રી | નવસારી | સ્વ. સતિષભાઇ જમનાદાસ મિસ્ત્રી | નવસારી |
| સ્વ. દિનેશભાઇ જમનાદાસ મિસ્ત્રી | નવસારી | શ્રી દિપકભાઇ મગનલાલ પંચોલી | બિલીમોરા |

Book-Post
**Printed Book**

Publisher and Printer **Dineshbhai Mistry** on behalf of **Shri Pancholi Seva Samaj Mahamandal**
**Printed** : **Akshar Printers,** 2/3, Ajit Estate, B/h. Old Dena Bank, Opp. Dr. Back & Co, GIDC, Ankleshwar-393 002. Dist Bharuch.
**Published** : 302, Subham Residency, Precom Compound, B/h. Rajkamal Arcade, GIDC. Ankleshwar-2
**Editior : Dineshbhai Mohanlal Mistry Mo. : 98241 71930, Malay-98240 64282. Email : pancholinavyug@gmail.com**